| | | | |
|---|---|---|---|
| | सत्यमेव जयते | કેસ દાખલ થયાની તા. | ૦૪/૦૩/૨૦૨૩ |
| | | કેસ રજીસ્ટર્ડ થયાની તા. | ૦૪/૦૩/૨૦૨૩ |
| | | ઠરાવ જાહેર થયાની તા. | ૦૧/૦૪/૨૦૨૬ |
| | | સમયગાળો:વર્ષ–૦૩ ,મહિનો–૦૦ ,દિવસ–૨૫ | |

---

**મેઘરજ તાલુકાના મહેરબાન એડી.જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ કોર્ટ સમક્ષ**

---

**ક્રિમીનલ કેસ નંબર– ૯૧૧/૨૦૨૩**

**આંક–**

---

**ફરીયાદી:** શ્રી સરકાર
ઇસરી પો.સ્ટે.ગુ.ર.નં.૧૧૧૮૮૦૦૫૨૨૦૨૩૩/૨૨

**વિરુધ્ધ**

**આરોપી:** (૧)નરેન્દ્રકુમાર રતનલાલ હકરાભાઈ ફનાત
રહે.દેમત(હનુમાનજીના મંદીર પાસે),તા.ખેરવાડા,
જી.ઉદેપુર(રાજ.)

---

**ગુન્હો:– ગુજરાત પ્રોહીબિશન અધિનીયમની કલમ – ૬૫ (એ.ઈ.), ૮૧, મુજબ**

---

**ફરીયાદપક્ષે :** વિધ્વાન એ.પી.પી.શ્રી એ.એન.સૈની

આરોપી વિરુધ્ધ સી.આર.પી.સી.કલમ ૨૯૯ મુજબ કાર્યવાહી ચલાવેલ છે.

---

-: <u>જજમેન્ટ</u> :-

(૧) આ કામના ફરીયાાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, ગઈ તા.૧૫/૦૭/૨૦૨૨ કલાક.૧૮/૩૦ વાગે મોજે પાણીબાર ત્રણ રસ્તા આ કામના આરોપીએ પ્રોહી પ્રતિબંધક એરીયામાં વગર પાસ પરમીટે પોતાના કબ્જાની બજાજ કંપનીની કાળા કલરની લાલ પટ્ટાવાળી પલ્સર -૨૨૦ મોટર સાયકલ જેનો આગળ નંબર જોતાં GJ.27.CA.8068 ઉપર કાળા કલરના થેલામાં ભારતીય રાજસ્થાન બનાવટની રોયલ સ્ટેગ ડીલક્ષ વિસ્કી ની ૭૫૦ એમ.એલ.ની કાચની કંપની સીલબંધ બોટલ નંગ-૫ ની કિ.રૂ.૫,૦૦૦/- તથા ભારતીય રાજસ્થાન બનાવટના કીંગફીશર સુપર સ્ટ્રોન્ગ પ્રીમીયમ બીયર ૫૦૦ એમ.એલ.ના પતરાના કંપની સીલબંધ ટીન નંગ-૨૪ ની કિ.રૂ.૩,૬૦૦/- તથા ભારતીય રાજસ્થાન બનાવટના ઓફીસર ચોઇસ ક્લાસિક વિસ્કીના ૧૮૦ એમ.એલ.ના કાચના કંપની સીલબંધ ક્વાટરીયા નંગ-૪૫ ની કિ.રૂ.૬,૭૫૦/- ગણી મળી કૂલ બોટલ/ક્વાટરીયા/ટીન નંગ-૭૪ ની કૂલ કિ.રૂ.૧૫,૩૫૦/- તથા મોટર સાયકલ નં.GJ.27.CA.8068 ની કિ.રૂ.૫૦,૦૦૦/- તથા એન્ડ્રોઈડ મોબાઈલ ફોન ની કિ.રૂ.૨,૦૦૦/-મળી કૂલ કિ.રૂ.૬૭,૩૫૦/- ના મુદ્દામાલ સાથે મળી આવી પકડાઈ જઈ તથા કોલમ નં.૨ માં જણાવેલ આરોપીએ ઉપરોક્ત પ્રોહી મુદ્દામાલ વેચાણ અર્થે ભરી મંગાવી બંનેએ એકબીજાની મદદગારી કરી ગુન્હો કર્યા બાબતે આરોપી વિરુધ્ધ ધી પ્રોહીબીશન એક્ટની કલમ :૬૫ (એ.ઈ.),૮૧ મુજબના ગુના સબબનુ ચાર્જશીટ નામદાર કોર્ટ સમક્ષ રજુ કરેલ છે.

(૨) સદર કેસના સમન્સની આરોપી ઓ ને કાયદેસરની બજવણી થઈ જતા તેમના વિ. વકીલશ્રી મારફત હાજર થયેલ છે. ત્યારબાદ ક્રિ.પ્ર ો.કોડની કલમ-૨૦૭ મુજબ પોલીસ પેપર્સની નકલ આરોપીને મળી ગયા અં ગેની ખાત્રી આંક-૧ લગત કરેલ છે. ત્યારબાદ મારા પુરોગામી પ્રિસાઈડીંગ

ઓફીસરશ્રીનાઓએ આંક– ૧૧ થી આરોપી વિરુધ્ધ તહોમતનામું ફરમાવી આંક– ૧૨ થી આરોપીની પ્લી રેકર્ડ કરતા તેમણે ગુનાનો ઈન્કાર કરતા ફરીયાદપક્ષનો પુરાવો નોંધવામાં આવેલ છે. ત્યારબાદ ફરીયાદપક્ષનો પુરાવો લેતા, આરોપી હાજર ન રહેતા આરોપી ની ગેરહાજરીમાં સી.આર.પી.સી ની કલમ ૨૯૯ મુજબ ફરીયાદ પક્ષનો પુરાવો નોંધવાનો હુકમ કરવામાં આવેલ છે.

(૩) ફરીયાદપક્ષે આરોપી ઓ સામેનો કેસ સાબીત કરવા માટે નીચે મુજબના પુરાવાઓ નોંધવામાં આવેલ છે.

**// મૌખિક તથા દસ્તાવેજી પુરાવા //**

| અ.નં | પુરાવાની વિગત | આંક |
|---|---|---|
| ૦૧ | ફરીયાદી પ્રશાંતકુમાર રમેશચંદ્ર ની જુબાની | ૧૭ |
| ૦૨ | ફરીયાદ | ૧૮ |
| ૦૩ | પંચસાહેદ મનસુખભાઈ રમેશભાઈ ગામેતી ની જુબાની | ૧૯ |
| ૦૪ | પંચનામું | ૨૦ |
| ૦૫ | ત.ક.અ વિકાસ શંકરભાઈ દેસાઈની જુબાની | ૨૧ |

(૪) ઉપરોકત રજુ થયેલ ફરીયાદ પક્ષનો પુરાવો ધ્યાને લેતા આરોપી વિરુધ્ધ સદર કામ સી.આર.પી.સી. કલમ–૨૯૯ મુજબ ચાલેલ હોવાથી આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી. ત્યારબાદ ફરીયાદ પક્ષ તરફે સરકારી વકીલ શ્રીની દલીલો સાંભળી.

(૫) કેસનાં નિર્ણય માટે નીચેનાં મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**–: મુદ્દાઓ :–**

૧. શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે સાબિત કરે છે કે, સદર કામના આરોપી ઓ એ ધી પોહી. એકટની કલમ– ૬૫ (એ.ઈ.), ૮૧ મુજબ શીક્ષાપાત્ર

ગુનો કરેલ છે ?

૨. શું હુકમ ?

(૬) ઉપરોકત મુદ્દાનાં મારા નિર્ણયો નીચે મુજબ છે.

૧. નકારમાં

૨. આખરી હુકમ મુજબ

**<u>-:કારણો:-</u>**

(૭) આ કામે ફરિયાદપક્ષે રજુ થયેલ પુરાવાની ચર્ચા કરતાં જોઈએ તો, આ કામે આંક- ૧૯ થી પંચસાહેદ મનસુખભાઈ રમેશભાઈ ગામેતી ને ફરીયાદપક્ષ ધ્વારા તપાસવામાં આવેલાં છે. પરંતુ આ પંચ સાહ દો તેમની જુબાનીથી ફરીયાદપક્ષના કેસને સમર્થન મળતું ન હોય ફરીયાદપક્ષ ધ્વારા આ પંચોને ફરી ગયેલાં જાહેર કરવાની અરજ કરતાં આ કામના પંચસાહેદોને ફરી ગયેલાં જાહેર કરવામાં આવેલાં છે. છતા પંચસાહેદોએ પંચનામાની કોઈ જ હકીકતોને સમર્થન આપેલ નથી. જેથી, આંક- ૨૦ થી રજુ કરવામાં આવેલ પંચનામુ ફરિયાદપક્ષને મદદરૂપ થઈ શકે નહીં.

ત્યારબાદ આ કામનાં ફરીયાદી પ્રશાંતકુમાર રમેશચંદ્ર ને આંક- ૧૭ થી તપાસેલ છે અને આંક- ૧૮ થી અસલ ફરિયાદ રજુ રાખેલ છે. તેઓએ તેમની જુબાનીમાં ફરીયાદ હકીકતને સમર્થનકારી પુરાવો આપેલ છે. તેમણે તેમની સરતપાસમાં એ હકીકત કબૂલ કરેલ છે કે, તેઓ ગત તા.૧ ૫/૦૭/૨૨ ના રોજ ઈસરી પો.સ્ટે ખાતે અ.પો.કો. તરીકે ફરજ બજાવતા હતા ત્યારે પી.આઈ.વી.એસ.દેસાઈ સાહેબના સાથે તેઓતથા આ.હે.કો. રાજુભાઇ ગોવિંદભાઈ તથા અ.પો.કો. મયુર ભાઇ દિનુભાઇ તથા અ.પો. કો શૈલેશભાઇ રામાભાઇ સાથે સરકારી વાહનમાં પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમા હતા તે દરમ્યાન પાણીબાર ગામે આવતાં પી.આઈ.શ્રી ને બાતમીદારથી

બાતમી હકીકત મળેલ કે એક ઇસમ બજાજ પલ્સર મોટર સાયકલ નં.જીજે.૨૭.સીએ.૮૦૬૮ ની ઉપર વાંટા ગામે થઈ પાણીબાર થઈ મોડાસા તરફ જનાર છે તેવી બાતમી હકીકત મળતાં સાહેબે પોલીસના માણસોને-બાતમી હકીકતથી વાકેફ કરી નજીકમાંથી બે પંચના માણસો બોલાવી પંચો સાથે સરકારી વાહન રોડ ની સાઇડમાં સંતાડી પાણીબાર ગામે ત્રણ રસ્તા ઉપર સદરી બાતમી હકીકતવાળી મોટર સાયકલની  વોચમાં નાકાબંધીમાં ઉભા હતા તે દરમ્યાન ઉપરોક્ત બાતમી હકીકત વાળી મોટર સાયકલ આવતા પોલીસને જોઇ જતાં તેની પાછળ લટકાવેલ કાળો થેલો રોડની સાઇડમાં ફેકી દઇ મોટર સાયકલ પાછી વાળવા જતાં પોલીસના માણસોએ તેને કોર્ડન કરી પકડી પાડેલ અને પંચો  રૂબરુ સદરી ઇસમનુ નામઠામ પૂછતાં પોતે પોતાનું નામ નરેન્દ્રકુમાર રતનલાલ હકરાભાઈ ફનાત, રહે.દેમત, તા.ખેરવાડા જી.ઉદેપુર (રાજ.) નો હોવાનું જણાવેલ અને  સદર ઇસમ લઇને આવેલ મોટર સાયકલ જોતાં બજાજ કંપનીની કાળા કલરની લાલ પટ્ટાવાળી પલ્સર ૨૨૦ મોટર સાયકલ જેનો આગળ નંબર જોતાં GJ.27.CA.8068 નો જેનો ચેસીસ  તથા  એન્જીન નંબર નોધેલ અને સદરી ઇસમે રોડ ની સાઇડમાં ફેકી દીધેલ થેલા પાસે આવી જોતાં થેલો વજનદાર હોય જેથી પંચો રૂબરૂ થેલો ખોલી જોતા તેમાં ઇંગ્લીશ દારુ ની બોટલ તેમજ ક્વાટરીયા તથા બીયર ટીન ભરેલ હોય સદરી ઇસમ પાસે પોતાના કબ્જાની મોટર સાયકલ ઉપર થેલામાં ઇંગ્લીશ દારૂ તથા બીયર ટીન ભરી લઈ આવવા બાબતે કોઈ પાસ પરમીટ માગતાં પોતાની પાસે નહીં હોવાનું જણાવતો હોય જેથી સદરી ઇસમ લઇને આવેલ થેલામાંથી ઇંગ્લીશ દારૂ તથા બીયર ટીન પંચો રૂબરૂ બહાર કાઢી ગણી જોતાં ભારતીય રાજસ્થા બનાવટની રોયલ સ્ટેગ ડીલક્ષ વિસ્કી ની ૭૫૦ એમ.એલ.ની કાચની કંપની સીલબંધ બોટલ નંગ -૫ ની કિ.રૂ.૫,૦૦૦/- તથા ભારતીય રાજસ્થાન બનાવટના કીંગફીશર સુપર સ્ટ્રોન્ગ પ્રીમીયમ બીયર ૫૦૦૦ એમ એલ.ના પતરાના કંપની સીલબંધ ટીન નંગ-૨૪ ની કિ.રૂ.૩,૬૦૦/- તથા ભારતીય રાજસ્થાન બનાવટના ઓફીસર ચોઇ-ક્લાસિક વિસ્કીના ૧૮૦ એમ.એલ.ના કાચના કંપની સીલબંધ ક્વાટરીયા

નંગ–૪૫ ની કિ.રૂ.૬,૭૫૦/– ગણી મા –કુલ બોટલ/કવાટરીયા/ટીન નંગ–૭૪ ની કુલ કિ.રૂ.૧૫,૩૫૦/– નો મુદ્દામાલ ગણી ઉપરોક્ત મુદ્દામાલમાથી એક કવાટરીય તથા એક ટીન સેમ્પલ તપાસણી સારૂ કાઢી લઇ તેના ઉપર પંચો તથ। પાકુ સીલ કરી તથા બજાજ કંપનીની કાળા કલરની લાલ પટ્ટાવાળી પલ્સર ૨૨૦ મોટર સાયકલ જેનો આગળ નંબર જોતાં GJ 27.CA.8068 ની કિ.રૂ.૫૦.૦૦૦/– તથા ઓપ્પો કંપનીનો એ–૩૩ એન્ડ્રોઈ મોબાઈલ આઈ.ઈ.એમ.આઈ નંબર લખી કિ.રૂા.૨,૦૦૦/– લખી તમામ મુદ્દામાલ ગણી વિગતવારનુ પંચનામુ કરી અમોની હાજરીમાં કબજે લીધેલ અને સદર ગુન્હા બાબતે તેઓએ પો.ઈ.વી.એસ.દેસાઈ રૂબરુ ફરીયાદ આપેલી.

ત્યારબાદ આ કામનાં ત.ક.અ વિકાસ શંકરભાઈ દેસાઈને આંક– ૨૧ થી તપાસેલ છે. તેઓએ તેમની જુબાનીમાં ફરીયાદીએ તેમની જુબાનીમાં જણાવેલ હકીકતને સમર્થનકારી પુરાવો આપેલ છે. તેમજ વધુમાં, જણાવેલ છે કે, અ.હે.કો.રાજુભાઈ ગોવિંદભાઈનાઓએ આપેલી ફરીયાદ પી.એસ.ઓ.એ ગુનો રજીસ્ટરે નોધ્યા બાદ તપાસ તેઓએ સંભાળી લીધેલી. સદર ગુનાની તપાસ સંભાળી લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલા આરોપીઓને અટક કરી નામ.કોર્ટમાં રજુ રાખેલ કબજે કરેલ મુદ્દામાલનુ એફ.એસ.એલ. તપાસણી સારુ મોકલવામાં આવેલ. તેમની તપાસના અં તે આરોપીઓ વિરુધ્ધ પુરતા પુરાવા જણાતા નામ.કોર્ટમાં ચાર્જશીટ કરેલ.

ઉપર ચર્ચા કર્યા અનુસાર ફરિયાદપક્ષનાં કેસને સ્વતંત્ર અને તટસ્થ અને નિષ્પક્ષ કહી શકાય તેવા પંચ સાહેદોએ સમર્થન આપેલ નથી. જયારે આ કામે અન્ય તપાસવામાં આવેલા પોલીસ સાહેદોએ હિત ધરાવતાં સાહેદ ગણી શકાય. હિત ધરાવતાં સાહેદોનો પુરાવો લક્ષમાં લેવો જ ન જોઈએ, તેવો કોઈ પ્રસ્થાપિત સિધ્ધાંત નથી, પરંતુ તેવા પુરાવાને તટસ્થ અને સ્વતંત્ર કહી શકાય

તેવા સાહેદોનાં પુરાવાથી સમર્થન મળવું જરૂરી છે.સદર કામે બનાવવાળી જગ્યા જાહેર વિસ્તાર છે જયા સહેલાઈથી સ્વતંત્ર સાહેદો મળી શકે તેમ હતા છતા સદર કામે કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લેવામાં આવેલ નથી. વધુમાં આ કામે ઉપર જણાવ્યા મુજબ પંચનામું પહેલા કરવામાં આવેલ છે અને બાદમાં ફરિયાદ આપવામાં આવેલ છે, તેમ છતાં, ફરિયાદમાં કે સાહેદોના નિવેદનોમાં પંચોનાં નામ જણાવવામાં આવેલા નથી. વધુમાં, સદર કામે એફ.એસ. રિપોર્ટ રજુ રાખેલ નથી કે મુદામાલ એફ.એસ. એલ ખાતે મોકલ્યાનો રવાનગીપત્રક પણ રજુ રાખેલ નથી. આથી તે હકીકત પણ ફરિયાદપક્ષનાં કેસ પરત્વે શંકા પ્રેરે છે. શંકા ગમે તેટલી સબળ કે પ્રબળ હોય, તે પુરાવાનું સ્થાન લઈ શકે નહીં, તેવો પ્રસ્થાપિત સિધ્ધાંત છે અને તે સિધ્ધાંત હાલનાં કામે બરાબર અને સચોટ રીતે લાગુ પડે છે. વધુમાં જયારે વિદેશી દારૂ હોય ત્યારે દરેક બોટલો ઉપર પંચોની સહી લેવી જોઈએ. વધુમાં આવા પ્ર કારના ગુનામાં ફરીયાદપક્ષે કઈ–કઈ હકીકત પુરવાર કરવી પડે તે અં ગે નામ.હાઈકોર્ટ ૧૯૯૨(૨) જી.એલ.એમ.(યુ.જે.૨૦) ગુલાબ રણછોડ વિ.ગુજરાત રાજય ના કેસમાં નીચે મુજબના તત્વો ફરીયાદપક્ષે સાબિત કરવા પડે,

૧) આરોપીના કબ્જામાંથી શીલબંધ બોટલો મળી આવેલ,

૨) આવી શીલબંધ બોટલો ઉપર કંપનીનું અસલ લેબલ હતુ,

૩) આવુ લેબલ જાણીતી દારૂની બ્રાન્ડનુ તેમાં વ્હીસ્કી, બ્રાન્ડી દર્શાવતુ હોવુ જોઈએ. અને તેના ઉપર ઉત્પાદકનું નામ દર્શાવેલ હોવુ જોઈએ.

આમ, ઉપરોકત પરીપેક્ષમાં આ કેસમાં મૂલ્યાંકન કરતા જોઈએ તો, સદરહુ બોટલો/કવાટરીયાનું શીલ અસલ હોવા બાબતે કોઈ વેરીફીકેશન કરવામાં આવેલ હોય તેવુ તથા તે બોટલો/કવાટરીયાની કંપનીના કોઈ અધિકારીનું નિવેદન લેવામાં આવેલ હોય તે બાબતે કોઈ મૌખિક

કે દસ્તાવેજી પુરાવો ફરીયાદપક્ષ રેકર્ડ ઉપર લાવી શકેલ નથી. આમ, આરોપીના સભાન કબ્જામાંથી દારૂ મળી આવેલ હોય તેવો પુરાવો ફરીયાદપક્ષે નિ:શંકપણે રજુ થયેલ નથી. આમ, ઉપર ચર્ચા કર્યા પ્ર માણે આ હકીકત ફરીયાદપક્ષે સાબિત કરવી જોઈએ, જે સાબિત કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ ગયેલ છે કે, મુદ્દામાલ બોટલો/કવાટરીયા કંપની શીલપેક લેબલવાળી શીલબંધ હતી અને બોટલો/કવાટરીયામાં પ્રતિબંધિત કેફી પીણુ હતુ. આમ, આરોપીઓને ગુનાના કામે સાંકળતો કોઈ મહત્વનો પુરાવો ફરીયાદપક્ષ રેકર્ડ પર લાવી શકેલ નથી. ત્યારે માત્ર પોલીસ સાહેદોની જુબાની ઉપર આધાર રાખીને આરોપીઓને સજા કરી શકાય નહીં. આમ, આરોપીઓને ગુનાના કામે સાંકળતો કોઈ મહત્વનો પુરાવો ફરીયાદપક્ષ રેકર્ડ પર લાવી શકેલ નથી. આમ આરોપીઓને હાલનાં ગુન્હાનાં કામે તકસીરવાન ઠરાવી સજા કરી શકાય તેમ નથી. આમ આરોપીઓને નિર્દોષ છોડી મુકવા સિવાય બીજો કોઈ વિકલ્પ ન હોય, આ કામે ઉપસ્થિત કરવામાં આવેલ મુદ્દા નંબર–૧ નો મારો નિર્ણય હું નકારમાં ઠરાવી મુદા નંબર–૨ અન્વયે નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

## –: આખરી હુકમ :–

**(૧)** આ કામે ઇસરી પો.સ્ટે.ગુ.ર.નં. ૧૧૧૮૮૦૦૫૨૨૦૨૩૩/૨૨ ના કામે(૧)નરેન્દ્રકુમાર રતનલાલ હકરાભાઈ ફનાત,રહે.દેમત(હનુમાનજીના મંદીર પાસે), તા.ખેરવાડા, જી.ઉદેપુર(રાજ.) નાઓને ક્રિ.પ્રો.કોડ હેઠળ પ્રોહીબીશન એકટની કલમ–૬૫ (એ.ઈ.),૮૧ મુજબનાં સજાને પાત્ર ગુન્હાંમાંથી પુરતા પુરાવાના અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૧.૧)** ફોજદારી કાર્યરીતિ સંહિતા,૧૯૭૩ ની કલમ–૨૯૯ સાથે વાંચતા કલમ–૩૫૩(૬) મુજબ આરોપીની ગેરહાજરીમાં આ ચુકાદો

જાહેર કરવામાં આવેલ છે.

**(૨)** આ કામે કબ્જે કરવામાં આવેલ મુદ્ધામાલ વાહન તથા મોબાઈલ ફોન અંગે જો કોઈ વચગાળાનો હુકમ થયેલ હોય તો, તે કાયમ કરવામાં આવે છે અને તેમાં મુકેલ શરતો અપીલ સમય બાદ રદ કરવાનો હુકમ કરવામાં આવે છે. જો મુદ્ધામાલ વાહન તથા મોબાઈલ ફોન સંબંધે કોઈ વચગાળાનો હુકમ કરવામાં આવેલ ન હોય તો કબજે કરેલ મુદ્ધામાલ વાહન તથા મોબાઈલ ફોન સદર હુકમના ત્રણ મહિનામાં કોઈ ક્લેઈમ કરે તો, તેની માલીકીની ખરાઈ કરી તેને પરત કરવાનો હુકમ કરવામાં આવે છે. જો કોઈ વ્યક્તિ ત્રણ મહિના સુધીમાં ક્લેઈમ ન કરે તો ત્રણ મહિના બાદ સદર મુદ્ધામાલ નીયમોનુસાર સરકાર ખાલસા કરવાનો હુકમ કરવામા આવે છે.

**(૨.૧)** આ કામે કબજે કરેલ મુદ્દામાલ દારૂ સેન્ટ્રલ એકસાઈઝ કચેરી, મોડાસાને નિયમોનુસાર યોગ્ય નિકાલ અર્થે અપીલ સમય બાદ મોકલી આપવો.

**(૩)** આરોપીએ ટ્રાયલ દરમીયાન રજુ રાખેલ જામીન ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૪૩૭ (એ) મુજબ ૬ માસ સુધી સદર જામીન ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે અને ત્યારબાદ સદર જામીન રદ્દ થયેલ ગણાશે.

આ હુકમ આજ તારીખ-૧ લી, માહે-એપ્રિલ, સને-૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી તેમજ સીક્કો કરીને જાહેર કરવામાં આવ્યો.

| | |
|---|---|
| તા.૦૧/૦૪/૨૦૨૬<br>સ્થળ : મેઘરજ | (શ્રીમતી જીનલ વિશાલ અઢીયા)<br>એડી. જ્યુડી. મેજી. ફર્સ્ટ કલાસ<br>મેઘરજ.<br>(જજ કોડ નંબર–જીજે ૦૧૪૦૮ ) |